સ.કૃષિ/જી.પ./દમણ/વિતરણ/૨૦૧૬-૧૭/ ૧૧૩
જીલ્લા પંચાયત કાર્યાલય,
કૃષિ અનુભાગ,
મોટી દમણ,
તારીખ . ૧૪/૧૦/૨૦૧૬

પ્રતિ શ્રી,
સરપંચ /સેક્રેટરી /ગ્રામ સેવક

______________________

______________________

વિષય:- કઠોળ પાકો ના બિયારણ તથા નાળીયેરી ના રોપાઓ ના વિતરણ બાબત.

સવિનય સાહેબ ..

આથી આપની પંચાયત વિસ્તાર ના ખેડૂત ભાઈઓ-બહેનો ને જણાવવામાં આવે છે કે જીલ્લા પંચાયત પરિસર,ઢોલર,મોટી દમણ ખાતે તારીખ ૧૯/૧૦/૨૦૧૬ સવારે ૯;૩૦ વાગ્યે, કૃષિ વિભાગ દ્વારા "સંપૂર્ણ કૃષિ વિકાસ" યોજના અંત:ર્ગત કઠોળ ના બિયારણ નું @૫૦% સબસીડી માં તથા નાળીયેરી ના રોપાઓ નું @૧૦૦% સબસીડી માં નિઃશૂલ્ક વિતરણ "વહેલાતે પહેલા ના ધોરણે" કરવા માટે ના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ છે.

કઠોળ ના બિયારણ તથા નાળીયેરી ના રોપાં મેળવવા માટે ખેડૂતોએ નીચે મુજબ ના યોગ્ય પુરાવાઓ સાથે જીલ્લા પંચાયત,કૃષિ અનુભાગ,ઢોલર,મોટી દમણ,નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

(૧) જમીન ની ૧/૧૪ ની સ્વપ્રમાણિત નકલ.
(૨) આધાર કાર્ડ ની સ્વપ્રમાણિત નકલ.

આપનો વિશ્વાસુ

(પી.એમ.જોષી)
સહાયક લેખાં અધિકારી/આ.સ.અ.
જીલ્લા પંચાયત,કૃષિ વિભાગ
દમણ.

નકલ રવાના :-

૧. સરપંચ/સેક્રેટરી/ગ્રામ સેવક જરૂરી કાર્યવાહી સાથે સ્થાનિક ખેડૂતો અને ગ્રામ તથા જીલ્લા પંચાયત સભ્યો ને જાણ કરવા અનુરોધ ..
૨. પ્રમુખ શ્રી, જીલ્લા પંચાયત, દમણ.
૩. મુખ્ય જીલ્લા પંચાયત અધિકારી, દમણ.
૪. તાલુકા વિકાસ અધિકારી, દમણ.
૫. સભ્ય શ્રી, જીલ્લા પંચાયત, દમણ.
૬. ક્ષેત્રિય કૃષિ અધિકારી,દમણ.
૭. NIC દમણ.
૭. કાર્યાલય / નોટિસ બોર્ડ.